## બંધારણની પવિત્રતાને વાંચી, સમજી અને જીવનમાં ઊતારવી જોઈએ

# MSUની ILGમાં બંધારણની પૂજા કરાય છે

**સંદેશ**

સમગ્ર દેશમાં જ્યારે ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ ભારતનું બંધારણ અમલમાં આવ્યું હતું. તે દિવસને ભારત સરકારના ગવર્નિંગ દસ્તાવેજ તરીકે બદલીને રાષ્ટ્રને નવા રચાયેલા પ્રજાસત્તાકમાં ફેરવવું. જેથી તે દિવસને સમગ્ર દેશમાં પ્રજાસત્તાક દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સમગ્ર દેશમાં પ્રજાસત્તાક દિવસ ધામધૂમથી ઉજવવામાં આવે છે. આવા સમયે શહેરની વિશ્વાખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ઈન્ટિટ્યૂટ ઓફ લીડરશીપ એન્ડ ગવર્નન્સમાં ભારતના બંધારણની પૂજા કરવામાં આવે છે. જેમાં ભારતની સાચી પ્રજાસત્તાક એ ભારતના બંધારણમાં રહેલી હોવાનું જણાવ્યું હતું.

જેની માહિતી આપતા ડૉ.જીગર ઈનામદારે જણાવ્યું હતું કે, ભારતના બંધારણની જે મૂળ કોપી છે જેની પ્રથમ કોપી પાર્લામેન્ટમાં મળે છે તે હું ૨૦૦૩માં પાર્લામેન્ટમાંથી ખરીદી હતી. જે મારી ઈન્સ્ટિટ્યૂટને સૌથી પહેલી ભેટ હતી. આ બંધારણને મૂકવા માટેનું ખાસ પ્રકારનું સ્ટેન્ડ એમ એસ યુનિવર્સિટીની ફાઈન આર્ટ્સ ફેકલ્ટીએ ભેટ આપ્યું છે. ભારતનું બંધારણ એ સમગ્ર દેશ માટે પવિત્ર ગ્રંથ ગણાય છે. જે રીતે બંધારણને રજૂ કરવામાં આવ્યું છે. તેની લોકો પ્રશંસા કરે છે પરંતુ, નજીકથી કોઈ જોતુ નથી અને તેન હાથમા લઈને વાંચતુ નથી. પરંતુ ભારતની સાચી પ્રજાસત્તા એ ભારતના બંધારણમાં સમાયેલી છે. આ બંધારણ એક એવી પવિત્ર વસ્તુ છે જેને મંદિરમાં મૂકીને દૂરથી દર્શન કરવા માટે નથી બનાવી. પરંતુ કોઈ પણ વ્યક્તિ તેને સ્પર્શ કરી શકે, જોઈ શકે અને હાથમા લઈને વાંચી શકે તથા તેની પવિત્રના ફિલ કરીને તેને જીવનમાં ઉતારવાની છે.

આ ઈન્સ્ટિટ્યૂટમાં બંધારણની પૂજા કરવામાં આવે છે. ઉપરાંત વિદ્યાર્થીઓને પણ બંધારણ વાંચવા માટેની પ્રેરણા અને તેની પવિત્રતા વિશે સમજાવવાના પ્રયત્નો કરવામાં આવે છે. આ ઈન્સ્ટિટ્યૂટ બે પુસ્તકોના આધારે તૈયાર કરવામાં આવે છે. જેમાં પ્રથમ પુસ્તક તરીકે ૭૨ વર્ષ પહેલા લખાયેલુ ભારતનું બંધારણ અને શ્રી માધવરાવ એ મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજીને જે શિક્ષણ આપ્યું તેના દિક્ષાંત પ્રવચનનું કંમ્પાઈલેશન જે પુસ્તકમાં છે તે શાસનસુત્રનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૫૦૦૦ વર્ષ પહેલા લખાયેલી ભાગવત્ ગીતા અને ૨૫૦૦ વર્ષ પહેલા લખાયેલુ કૌટિલ્યનું અર્થશાસ્ત્ર આ બે પુસ્તકો પ્રેરણાદાયી છે.

